# કર્ણ આપણા સર્વહારા જનસમુદાયનો શાશ્વત આદર્શ છે : ડૉ. કેશુભાઈ દેસાઈ

ગાંધીનગર, તા. ૧૦

હરિયાણાના રાજ્યપાલ પ્રો. કપ્તાનસિંહ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમારંભમાં ગાંધીનગરના જાણીતા નવલકથાકાર અને સમાજચિંતક ડૉ. કેશુભાઈ દેસાઈએ મહાભારતના ઉપેક્ષિત પાત્ર કર્ણની સ્મૃતિમાં યોજાયેલ 'કર્ણ ઉત્સવ'નું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે કર્ણ આપણા સર્વહારા જનસમુદાયનો શાશ્વત આદર્શ-રોલ મૉડલ છે. કર્ણ મહારથી હતો અને કુરુક્ષેત્રના મેદાનમાં એને પરાજિત કરવાની અર્જુનમાં પણ ક્ષમતા નહોતી. તેથી એની વિરુદ્ધ એક પછી એક એમ અનેક ષડયંત્રો રચી એને કવચકુંડળ રહિત કરી દેવાયો, એનાં અમોઘ શસ્ત્રો છીનવી લેવાયાં અને છેલ્લે નિઃશસ્ત્ર હાલતમાં એનો વધ કરવામાં આવ્યો. કર્ણનો વધ થયો તે જગ્યા એ આજનું કરનાલ. અહીંની ધરતીમાં કર્ણ જેવા ઉદાત્ત મહારથીનું લોહી રસાયેલું હોઈ આ તીર્થભૂમિ છે.

ડૉ. કેશુભાઈ દેસાઈના બીજ વ્યાખ્યાન પછી રાષ્ટ્રકવિ રામધારી સિંહ 'દિનકર' રચિત કર્ણના જીવન પર આધારિત પ્રબંધ કાવ્ય 'રશ્મિરથી'નું મંચન કરવામાં આવ્યું હતું. મુંબઈના અલગારી નાટ્યકર્મી મુજીબખાન દ્વારા રજૂ કરાયેલા આ બે કલાકના પદ્યનાટકને માણવા કર્ણનગરીની જનતા મોટી સંખ્યામાં ઊમટી હતી. કુરુક્ષેત્ર યુનિવર્સિટી, રોહતક યુનિવર્સિટી તથા મુરથલની છોટુરામ યુનિવર્સિટીના કુલપતિઓ ઉપરાંત સ્થાનિક ધારાસભ્ય કલ્યાણજી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભનું આયોજન રાષ્ટ્રકવિ રામધારીસિંહ દિનકર સ્મૃતિન્યાસના અધ્યક્ષ નીરજ કુમારે કર્યું હતું.

## વિશ્વ વસતી દિવસ નિમિત્તે

# 'નાનું કુટુંબ સુખી કુટુંબ' વિષયક ભવાઈપ્રયોગ



વિશ્વ વસતી દિવસ નિમિત્તે અર્બન સૅન્ટરના ઉપક્રમે ઈન્દિરાનગર (સૅક્ટર-૨૪), ધોળાકૂવા, બોરીજ અને સૅક્ટર-૨૨ ખાતે 'નાનું કુટુંબ, સુખી કુટુંબ' વિષયક ભવાઈના પ્રયોગો યોજવામાં આવ્યા હતા, જેનો લાભ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ લીધો હતો.

# જન્મદિને વધામણી



વિષ્ણુભાઈ બી ત્રિવેદી
મો. ૯૨૭૫૧ ૧૮૯૯૦



હિરાબેન ચંદ્રકાન્ત અંબવાણી
મો. ૯૪૨૮૪ ૧૫૩૫૩



દર્પ કિરીટ પાઠક
મો. ૯૦૩૩૯ ૭૨૫૭૦



શ્લોક રવિકુમાર મેઘરાજાણી
મો. ૯૮૨૪૩ ૫૪૧૪૯



આર્જવ એ દેસાઈ
મો. ૯૮૨૪૩ ૫૪૧૪૯

# 'કીપ સ્માઈલિંગ'



ગાંધીનગર શહેર હવે યુવાઓની સર્જનાત્મકતા અને સેવાકાર્યોની સુવાસથી મહેંકી રહ્યું છે એ વાતમાં બેમત નથી. આ તસવીર એ વાતની સાક્ષી પૂરે છે. તસવીર છે 'કીપ સ્માઈલિંગ ગૃપ'ના એક અનોખા સેવાકાર્યની. આ ગૃપના યુવા સભ્યો પોતે જોકર જેવો વેશ ધરી અન્ય લોકોના ચહેરા પર હાસ્ય પ્રગટાવે છે. ગાંધીનગર સમાચારના વાચકોને યાદ હશે કે સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર ખાતે દર માસે આ ગૃપના સભ્યો આ રીતે જોકર્સ બનીને જાય છે અને દર્દીઓને તથા તેમના સ્નેહીઓને હસાવવાનું કામ કરે છે. આ યુવાઓ એવું માને છે કે દુખી વ્યક્તિઓના ચહેરા પર સ્મિત લાવવું એ સૌથી કઠિન કાર્ય છે ને એટલા માટે જ આ કાર્ય પોતે બજાવે છે. વળી, આ યુવાઓ પૈકી મોટાભાગના હજુ વિદ્યાર્થીઓ છે, પરિવારને આશ્રિત છે એટલે આર્થિક સહાય કોઈને કરી શકતા નથી. પરંતુ, આ રીતે કોઈના ચહેરા પર સ્મિત લાવીને સમાજને કંઈક આપ્યાનો સંતોષ પોતે મેળવી શકે છે.

# યુનિવર્સલ કૉલેજમાંથી ટ્રાન્સફર માટે ૧૫૮૭ છાત્રો તૈયાર

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે જોડાયેલી યુનિવર્સલ એન્જિનિયરિંગ કોલેજમાં ચાલતાં વિવાદના પગલે ૧૫૮૭ જેટલા વિદ્યાર્થીઓએ આ કૉલેજમાંથી ટ્રાન્સફર મેળવવા માટે દરખાસ્ત કરી હોવાના સમાચાર અગ્રણી અખબારોમાં પ્રકાશિત થયા છે.

સમાચાર મુજબ ટ્રાન્સફર માંગતા વિદ્યાર્થીઓને અન્ય કોલેજોમાં ટ્રાન્સફર કરવા માટેની કાર્યવાહી શરૂ પણ કરી દેવામાં આવી છે. હાલ દરેક કૉલેજ પાસેથી ખાલી જગ્યાઓની વિગતો મંગાવવામાં આવી છે.

યુનિવર્સલ કૉલેજમાં છેલ્લા ત્રણ માસથી ભારે વિવાદ ચાલી રહ્યો છે. કૉલેજના ટ્રસ્ટીએ બેંકના તમામ વહીવટી એકાઉન્ટ સ્થગિત કરી દેતાં અધ્યાપકો સહિતના સ્ટાફના પગારો અટકયા છે. જેના પગલે અધ્યાપકોએ વિદ્યાર્થીઓને ભણાવવાનું બંધ કરી દીધું છે. આ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પોતાની તકલીફના ઉકેલ માટે જીટીયુના ધક્કા ખાઈ રહ્યા છે.

તાજેતરમાં જીટીયુ દ્વારા જે વિદ્યાર્થીઓ આ કૉલેજમાંથી ટ્રાન્સફર ઈચ્છતા હોય તેમની પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. ૧૫૮૭ જેટલા વિદ્યાર્થીઓએ આ માટેની અરજી આપી છે. જે પૈકી ૧૯૯ અરજીઓ ડિપ્લોમા ઈજનેરીના વિદ્યાર્થીઓએ કરી છે. આ વિદ્યાર્થીઓને અન્ય કૉલેજોમાં ટ્રાન્સફર આપવા માટે હાલ અમદાવાદ સહિતની આસપાસની કોલેજોમાં કેટલી બેઠકો ખાલી છે તેની વિગતો જીટીયુ દ્વારા મંગાવવામાં આવી રહી છે. હાલ કઈ કોલેજમાં કેટલી બેઠકો ખાલી છે તેની વિગતો ભેગી થયા બાદ આગામી દિવસોમાં વિદ્યાર્થીઓને ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. નોંધનીય છે કે યુનિવર્સલ કોલેજમાં ફી વિવર્સ અથવા તો અન્ય કોઈ સ્કીમના આધારે પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને જે કોલેજમાં ટ્રાન્સફર આપવામાં આવે તેમાં પણ આ સ્કીમનો લાભ મળે તેવી માગણી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

યુનિવર્સિટીના સૂત્રો જણાવે છે કે વિદ્યાર્થીઓને હાલ જે બેઠક પર પ્રવેશ મળ્યો છે તે જ પ્રમાણે અન્ય કોલેજમાં સ્થળાંતર આપવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થીને વધુ ફી ધરાવતી કોલેજમાં પ્રવેશ મળે તો પણ તેમણે યુનિવર્સલ કોલેજમાં ફી ભરતા હતા તેટલી જ ફી ભરવી પડે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

# ફાર્મસીમાં પ્રવેશ માટે મેરિટ જાહેર ૮૬૮૪ વિદ્યાર્થીઓનો સમાવેશ

## ૭૫ કોલેજોની ૪૯૨૪ બેઠકો માટે ૯મીથી ૧૫મી સુધી મોકરાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ : ૧૮મીએ મોકરાઉન્ડનું પરિણામ : ૧૯મીએ ફાઈનલ મેરિટ

ગાંધીનગર, તા. ૧૦

ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. જેમાં કુલ ૮૬૮૪ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. બી.ફાર્મમાં પ્રવેશ માટે કુલ ૮૯૨૪ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આમ, રજિસ્ટ્રેશન કરાવનારા વિદ્યાર્થીઓ કરતાં અંદાજે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરાયો છે.

ગત વર્ષે કુલ ૭૫૮૪ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરાયો હતો.

ફાર્મસીની કુલ ૭૫ કોલેજોમાં ૪૯૨૪ બેઠકો ઉપલબ્ધ છે. ૧૫મી જુલાઈ સુધી મોક રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું છે, જેના આધારે ફાઈનલ મેરિટલિસ્ટ ૧૮મી જુલાઈએ જાહેર કરાશે. અત્યાર સુધી ફાર્મસીમાં બેઠકો ખાલી પડતી હતી. ડિપ્લોમા ફાર્મસી કોલેજોમાં વિદ્યાર્થીઓ ન મળવાના કારણે કોલેજો બંધ કરી દેવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. પરંતુ છેલ્લા બે વર્ષથી ડિગ્રી એન્જિનિયરિંગમાં સતત બેઠકો ખાલી પડી રહી છે. આજ રીતે બી ગૃપમાં પણ મેડિકલ-પેરા મેડિકલમાં અભ્યાસ કર્યા પછી નોકરી મળવાની કોઈ શકયતા નથી. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓ ફાર્મસી કરવા તરફ વળ્યા છે. જેના કારણે બેઠકો કરતાં વધુ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન જોવા મળી રહ્યું છે અને પહેલા તથા બીજા રાઉન્ડમાં જ ફાર્મસીની મોટાભાગની બેઠકો ભરાઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

# રેખાબા સરવૈયા સામા પૂરનાં તરવૈયાં છે : ડૉ. કેશુભાઈ દેસાઈ

ગાંધીનગર, તા. ૧૦

હળવદનાં ડેપ્યુટી કલેક્ટર સુશ્રી રેખાબા સરવૈયાના લઘુકથા સંગ્રહ 'ખોબામાં દરિયો'નું વિમોચન મોરબી ખાતે વરિષ્ટ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના વરદ હસ્તે સંપન્ન થયું હતું.

રેખાબાના જીવન અને કિવન વિશે મનનીય પ્રવચન કરતાં સમારોહના અધ્યક્ષ ડૉ. કેશુભાઈએ જણાવ્યું હતું કે ગરવી ગુજરાતણના જાજરમાન પ્રતીક સમાં લેખિકા રેખાબા સાચા અર્થમાં સામા પૂરનાં તરવૈયાં છે. એમણે સંઘર્ષમય જીવનમાંથી જે કંઈ મોતી જડ્યાં તે ગરવી ગિરા ગૂર્જરીને સમર્પિત કર્યાં છે.

આ પુસ્તક વિમોચન સમારંભમાં ગૂર્જર પ્રકાશનના પ્રતિનિધિ તરીકે રોહિત શાહ ઉપરાંત 'ફૂલછાબ'ના તંત્રી કૌશિક મહેતા, નાટ્યવિદ્ ભરત યાજ્ઞિક, પત્રકાર જ્વલંત છાયા વગેરેએ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન કર્યાં હતાં.

# સુરતની બાઈકીંગ ક્વીન્સ થાઈલેન્ડમાં 'સુરત થાની' શહેર ખાતે પહોંચી ગઈ



ગાંધીનગર, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનના પ્રચાર-પ્રસાર માટે મોટરસાયકલ પર ૧૦ દેશોના પ્રવાસે નીકળેલ ગુજરાતના સુરત શહેરની બાઈકીંગ ક્વીન્સ હવે થાઈલેન્ડમાંથી પસાર થઈ રહી છે જ્યાં તેઓ થાઈલેન્ડના એક પ્રાંત સુરત થાની ખાતે પહોચ્યા હતા. સુરત થાની એ થાઈલેન્ડનો એક ગ્રામ્ય પ્રાંત છે, જેનો ભારતના સુરત શહેર સાથે એક અનોખો સંબંધ છે. બંને શહેરો, સુરત અને સુરત થાની તાપી નદીના કાંઠે વસ્યા છે અને તેમની વચ્ચે સદી જૂનો ઐતિહાસિક અને ગાઢ સંબંધ છે.

થાઈ સરકારની નીતિઓમાં પિરવર્તનને કારણે કંબોડિયા અને થાઈલેન્ડની સરહદે અટકી પડેલ સુરતની બાઈકીંગ ક્વીન્સ ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા બાદ, હવે થાઈલેન્ડના દક્ષિણ પ્રાંતમાં આવેલ સુરત થાની ખાતે પહોંચી છે. પોતાની આર્થિક તાકાત અને વિદેશી સંબંધોને વધારવા માટે સુરત થાનીએ પોતાને ગુજરાતના સુરત શહેરનું ભગીની શહેર બનાવ્યું છે. થાઈલેન્ડ, સુરત થાનીના ગવર્નર વોન્ગસીરી પ્રોમચાનાએ આ વર્ષની શરૂઆતમાં જ એક થાઈ પ્રિતિનિધમંડળ સાથે ગુજરાતના સુરતની મુલાકાત લઈ સુરતના મેયર અસ્મીતા શિરોયા સાથે બેઠક કરી સુરત થાની અને સુરતને ટ્વીન/ભગીની શહેર બનાવવાનો નિર્ણય લીધો હતો. ભારતના સુરત અને થાઈલેન્ડમાં આવેલ સુરત થાની વચ્ચે એક અનોખો ઐતિહાસિક સંબંધ પણ છે. ઐતિહાસિક તથ્યો મુજબ, ૧૯૧૫માં થાઈલેન્ડના રાજવી રાજા રામ છઠ્ઠાએ ભારતની મુલાકાત લીધી હતી. તે સમયે તેઓ અગાઉના બંદરી શહેર સુરતથી એટલા પ્રભાવિત થયા હતા કે, થાઈલેન્ડ પહોંચીને તેમણે દકષિણ થાઈલેન્ડમાં આવેલ ચાઈઆ પ્રાંતનું ગુજરાતના સુરત પરથી સુરત થાની (સારા માણસોના શહેર) તરીકે અને સુરતની તાપી નદી પરથી ફુમ ડુઆંગ નદીનું તાપી નદી તરીકે નામકરણ કર્યું હતું. બાઈકીંગ ક્વીન્સે તેમના વતન ગુજરાતના સુરતથી દૂર અને એક માસ જેટલી મોટરસાઈકલ પર મુસાફરી બાદ, થાઈલેન્ડમાં ફરીથી સુરત થાની શહેર અને તાપી નદીને જોઈ અતિઆનંદ અને ઉત્તેજના અનુભવી હતી. તેમણે ફરીથી ગુજરાતના સુરતમાં જ હોવાનો અનુભવ કર્યો હતો.

# મનોરંજન

## સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
સુલતાન ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨**
સુલતાન ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૩**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
દાવ થઈ ગયો યાર ૧૨.૩૦, ૩.૦૦
સુલતાન ૫.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૫**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦ ૬.૩૦, ૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સખી, તું મને ભગવાને આપેલી અમૂલ્ય ભેટ છે

## સંવેદના
### મારી સ્નેહાળ સખી

કરાંચી છોડવાનું થતાં આમે ભારત પરત ફર્યા, નોકરીની શોધમાં ગુજરાતમાં ઘણાં ગામ-પરગામ ફરવાનું થયું ને ઘણી સખીઓ પણ જીવનમાં આવી.

હું હાઈસ્કૂલમાં આવી ત્યારથી કૉલેજકાળ દરમ્યાન સખીઓ મારા જીવનમાં આવી તે સખીઓનાં સ્નેહાળ સંભારણાં હજી મનમાં કાયમ છે. અમે ચાર સખીઓ, જ્યાં જઈએ ત્યાં સાથે ને સાથે, એકબીજાની ખાસ સખીઓ, એકબીજાના સુખદુખમાં સાથે જ. મીનાક્ષી ભટ્ટ, કુસુમબા ગોહિલ, હસુમતિ કંસારા અને હું. સ્કૂલમાં હંમેશાં સાથે જ અને પહેલી પાટલી પર જ બેસવાનું. મજાક-મસ્તી કરીએ પણ બધાં જ કામ ચોકસાઈપૂર્વક કરીએ જેથી અમારા શિક્ષકોની અમારા પર રહેમનજર રહેતી.

ચારેયમાંથી એકપણ સખી સ્કૂલે ન આવી હોય તો બાકીની ત્રણેય તેના ઘરે જઈને ખબરઅંતર પૂછી આવે, એટલું જ નહીં સ્કૂલનું લેસન વગેરે બધું જ તેને કહી પણ આવે.

નાસ્તા-પાણી, રાસ-ગરબા, સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ચારેય સાથે ને સાથે જ. અભિનયથી માંડીને શીઘ્ર વક્તૃત્ત્વ જેવી બધી જ સ્પર્ધાઓમાં ચારેય સાથે જ ભાગ લઈએ.

એકવાર વૅકેશનમાં મારે બહારગામ જવાનું થયું. આવી ત્યારે શાળા ખૂલવાને થોડા દિવસોની વાર હતી. હું હસુમતિને ઘેર મળવા ગઈ. પરિણામ અંગે પૃચ્છા કરતાં તેણે ગંભીર મોઢું રાખી જણાવ્યું, 'તમે ત્રણેય તો પાસ થઈ ગયા છો, પણ હું નાપાસ થઈ છું.' આ સાંભળી હું તો રડવા માંડી. એક સખીથી છૂટા પડવાનો વિચાર જ અસહ્ય હતો. પણ મને રડતી જોઈને એ તો ખડખડાટ હસવા માંડી.

એનાં મમ્મીએ ફોડ પાડ્યો કે એ તો મજાક કરતી હતી. મેં એના વાંસામાં પ્રેમથી બે ધબ્બા મારી દીધા, એને આવેશથી ભેટી ને પછી અમારી બેયની આંખોમાંથી હર્ષનાં અશ્રુ વહેવા લાગ્યા. અમે ચારેય સખીઓ એકબીજાની પૂરક હતી. ક્યારેક ઘરમાં કેબહાર બોલચાલ થાય, ગેરસમજ ઊભી થાય તો આ સખીઓ જ સેતુનું કામ કરે ને સમાધાન પણ કરાવે.

આવી પ્રેમાળ સખીઓને સ્નેહયાદ.

**- કોકિલા જયપ્રકાશ ભટ્ટ**
**સેક્ટર-૮ બી**

મારી વહાલી સખી એમ લખતાં જ દિલમાં પ્રેમની ભરતી આવી જાય છે. મારી સ્નેહાળ સખી, તને ખબર છે - આપણો સંબંધ લોહીના સંબંધ કરતાં પણ અધિક સ્નેહાળ છે અને અતૂટ લાગણીઓના તાંતણે બંધાયેલો છે? આવો સ્નેહાળ સંબંધ તો ભગવાનની જેના પર અસીમ કૃપા વરસતી હોય તેને જ મળે!

પૂર્વજન્મના કોઈ ઋણાનુબંધથી મને મળેલી હે સખી, તું મને ભગવાને આપેલી અમૂલ્ય ભેટ છે. સખી, જો તું મને ના મળી હોત તો હું મારા દિલના ભાવ, લાગણીઓ અને મારી સુખ-દુખની વાતો કોની આગળ ઠાલવત?

સખી, આપણે સાથે વીતાવેલા દિવસોની પ્રત્યેક યાદને મેં મારા હૃદયમાં કંડારી દીધી છે. કેવા મજાના હતા એ દિવસો! ના સંસારની માયાજાળ, ના બંધનો કે ના જવાબદારી. બસ, આપણે ને આપણી મસ્તી! કાશ! એ સાથે વિતાવેલા દિવસો પાછા મળી જાય!

મારી વહાલી હસમુખી સખી, તારો ચહેરો સદાય હસતો-ખીલતો રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના!

તારી સ્નેહાળ સખીની સ્નેહયાદ.

**- કિરણ**

હું નસીબદાર છું કે મારા જીવનમાં 'શું નવું છે?' એવું પૂછનારી એક નહીં પણ બે સખી છે.

એક મારી કાકાઈ બહેન દર્શના. અમે સંયુક્ત કુટુંબમાં રહેતા, બંને સાવ સરખી ઉંમરનાં. બાલમંદિરથી કૉલેજ સુધી એક જ બૅન્ચ પર બેસીને ભણ્યા.

દર્શના ખૂબ જ હસમુખી, વાચાળ, લાગણીશીલ અને હિંમતવાન. જીવનમાં ગમે તેવી મુશ્કેલી આવે, મેં એને તૂટતા નથી જોઈ. દરેક મુશ્કેલીમાંથી વધારે જોશથી ઊભરી આવે. આ એનો સૌથી મહત્ત્વનો અને જીવનમાં ઉતારવા જેવો ગુણ.

બીજી સખી પૂનમ. અમે સ્કૂલ બદલી ત્યારે આઠમા ધોરણમાં એ મળી. એકદમ ઓછાબોલી અને શાંત ને લાગણીશીલ પણ એવી. એને ક્યારેય કોઈની સાથે માથાકૂટ થઈ હોય એવું યાદ નથી. એ ખૂબ જતું કરવાની ભાવનાવાળી. આ એનો સૌથી મહત્ત્વનો ગુણ.

અમે ત્રણેય સ્કૂલ હોય, કૉલેજ હોય, લાયબ્રેરી હોય - બધે ભેગાં ને ભેગાં. અમારી ત્રિપુટી બધે જાણીતી હતી, એકબીજાના ઘર સાથેય અમારે ઘર જેવો નાતો બંધાઈ ગયો હતો. ભણવાનું પૂરું થયે આજે વર્ષો થયાં, બધાં અલગ-અલગ જગ્યાએ સૅટલ થઈ ગયાં પણ અમારી મિત્રતામાં જરાય ઓટ નથી આવી ને આવશે પણ નહીં જ.

મારી બંને સખીઓનું મારા જીવનમાં આગવું સ્થાન છે.

**- કિનાર જિગર રાણા**
**સેક્ટર-૨ સી**

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

## 'મારી સ્નેહાળ સખી'